| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૦૨/૦૫/૨૦૨૩ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૧૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૩૬ લીટર દેશી દારૂ, ૧૫૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૦૫ બીયરટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૧૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૭૧૫/૨૦૨૩

**ક્રાઇમબ્રાંચઃ** સંતોષભાઇ સ/ઓ દામોદર ગોએન્કા (ઉ.વ.૬૫)(રહે.મર્હષિ એપાર્ટમેન્ટ, અલકનંદા સોસાયટી પાસે, સિવિલ હોસ્પીટલ પાછળ, શાહિબાગ) એ તા.૦૧/૦૫/૨૦૨૩ નારોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૬/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન દરીયાપુર ઇદગાહ રોડ, અષ્ટવિનયક કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ “એસ.આર.માર્કેટીંગ કંપની” ખાતે આરોપી (૧) રોયલ કીંગ ફેશન પ્રા.લી. કંપની તથા તેના ડાયરેક્ટરો (૨)અમનપ્રીતસિંગ સલુઝા અને (૩) ગુરૂચરણસિંગ સલુઝા (બંને રહે. રેતીવાલા કંમ્પાઉન્ડ, એસ.વી.રોડ, શાતાક્રુઝ વેસ્ટ મુંબઇ) એ ભેગામળી જુલાઇ તથા ઓગષ્ટ ૨૦૧૯ માં એસ.ડી.રીટેઇલ પ્રા.લી. કંપનીના તા.૦૫/૦૬/૨૦૧૯ થી તા.૧૦/૦૬/૨૦૧૯ સુધીના કુલ-૧૧ અલગ-અલગ નંબરના આપેલા પર્ચેઝ ઓર્ડરના કુલ રૂપિયા ૮૬,૫૪,૦૫૨/- ની સામે સંતોષભાઇની કંપની પાસેથી કુલ રૂપિયા ૭૭,૧૨,૦૦૦/- મેળવી લઇ આજદિન સુધી એસ.ડી.રીટેઇલ પ્રા.લી. કંપની ને પર્ચેજ ઓર્ડર મુજબનો કાપડનો માલ નહી મોકલી આપી તેમજ કાપડના માલ પેટે આપેલ નાણાં આજદિન સુધી પરત નહી કરી સંતોષભાઇની કંપની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એમ.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૧૬/૨૦૨૩**

**સેટેલાઇટઃ** પરેશાબહેન વા/ઓ ગોપાલભાઇ શાહ (ઉ.વ.૭૬)(રહે.ચરણકૃપા સોસાયટી વિભાગ-૨ શીવરંજની બ્રીજ પાસે, શીવરંજની સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૪/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૧/૦૫/૨૦૨૩ ના કલાક ૨/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અગાઉ ઘરઘાટી તરીકે કામ કરતા શકદાર આરોપી કિશનભાઇ દેવડા તથા અન્ય ત્રણ પુરૂષોએ ભેગામળી પરેશાબહેનના ઘરના બીજા માળે આવેલ રૂમમાં મુકેલ ગોદરેજ કંપનીની તીજોરી ચોરી કરી લઈ ગયા હતા. જે તીજોરીમાં રોકડ રૂપિયા ૧૪,૦૦,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો મુકેલ હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી હરીચંદ્રસિંહ ગંભીરસિંહ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** લાલસિંગ તેજસિંગ રાજપૂત (ઉ.વ.૪૮)(રહે.સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૦૨ ઉત્તમનગર પાસે નિકોલ) એ તા.૦૧/૦૫/૨૦૨૩ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૪/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૩૦/૦૪/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન ઠક્કરનગર કલાસાગર કોમ્પ્લેક્ષ આગળ આવેલ “મહાર્વીર સ્ટોન સિરામિક” નામની લાલસિંગની દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, દુકાનમાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૧૭/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** જીતેન્દ્રભાઇ સ/ઓ પારસભાઇ શાહ (ઉ.વ.૨૯)(રહે.રીધ્ધી-સીધ્ધી ટેનામેંન્ટ, આર.સી. ટેકનીકલ રોડ, ચાણકયપુરી) એ તા.૦૧/૦૫/૨૦૨૩ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૪/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે ચાણકયપુરી શાકમાર્કેટમા આવેલ “શ્રી નાકોડા જવેલર્સ” નામની જીતેન્દ્રભાઇની દુકાન ખાતે ગ્રાહકના સ્વાંગમાં આવેલ બે પુરૂષ અને બે સ્ત્રીઓએ ભેગામળી દુકાનના કર્મચારીઓની નજર ચુકવી દુકાનમાંથી સોનાની વીંટી કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.સાધુ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૧૮/૨૦૨૩**

**સાબરમતીઃ** સાબરમતી ત્રાગડ ગામ માલાબાર એક્ઝોટીકા નામની નવી બનતી સાઇટ ઉપર કામ કરતા અને માલાબાર એક્ઝોટીકા કોલોની ખાતે રહેતા વિપિનભાઇ દેવીલાલ ડામોર (ઉ.વ.૨૫) (રહે.મુળવતન ગામ-પ્રથવીપુરા મોદરા મોટા પોસ્ટ-કસારીયા તા.ગલીયાકોટ જીલ્લો-ડુંગરપુર રાજસ્થાન) નાઓ તા.૦૧/૦૫/૨૦૨૩ બપોરના ૧૧/૪૫ વાગ્યાના સુમારે માલાબાર એક્ઝોટીકા સાઇટના ૧૪ મા માળે ચણતરનું કામ કરતા હતા ત્યારે લોખંડના પાલક ઉપરથી નીચે પટકાતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને કે.ડી.હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિહ વિજયસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૧૯/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** નિર્મલબહેન પૃથ્વીરાજ ભાટોટીયા(યાદવ) (રહે.આર્યન પ્રાઈડ, વંદે માતરમ રોડ, ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૫/૨૦૨૩ બપોરના ૩/૩૦ પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

**સરખેજઃ** કિરણભાઇ પોપટભાઇ ચાવડા (ઉ.વ.૨૨)(રહે.ન્યુ ફતેવાડી, ક્રીષ્ના એવન્યુ સામે, સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૫/૨૦૨૩ સાંજના ૬/૦૦ પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી